-: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ હુકમ:**

**નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૬૩ /૨૦૧૯**

તાજેતરમાં રાજયમાં ગેરકાયદેસર રીતે આગ અકસ્માત નિવારણ માટેના સુરક્ષા નિયમોની અવગણના કરી ચાલતા ટ્યુશન ક્લાસીસમાં ગંભીર આગ અકસ્માતના બનાવો બને છે. જેમા અમુલ્ય માનવ જીવનની અપુર્ણીય ક્ષતિ થવા પામેલ છે. ભુતકાળમાં અમદાવાદ શહેરમાં પણ આ પ્રકારની દુર્ઘટનાઓ ઘટી છે જેથી આ નિષ્કર્ષ ઉપર આવી શકાય છે કે નિયમાનુસાર જરુરી સુરક્ષા સંસાધનો અને અગ્નિશામક સુરક્ષાના "ના વાંધા પ્રમાણપત્ર" ( NOC ) સિવાય ચાલતી એવી સંસ્થાઓના લીધે માનવ જીવન, ખાસ કરીને નાની ઉંમરના બાળકો , વિદ્યાર્થીઓ અત્યંત ભયજનક પરીસ્થિતિમાં મુકાય છે.

આવી સંસ્થાઓને કારણે આવા બનાવો અમદાવાદ શહેરમાં બનતા અટકાવવા સારુ હું એ.કે સિંઘ,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ની મળેલ સત્તાની રૂએ વ્યાવસાયિક અને રહેણાંક વિસ્તારોમાં ચાલતા તમામ ટ્યુશન ક્લાસીસના સંચાલન ઉપર તા.૨૫/૦૫/૨૦૧૯ના કલાક ૦૦/૦૦ વાગ્યા થી તા.૨૩/૦૭/૨૦૧૯ના ક્લાક.૨૪/૦૦ સુધી સંપુર્ણ પણે પ્રતિબંધ ફરમાવુ છું.

આ સમય દરમ્યાન જે સંસ્થાઓ અગ્નિશામક સુરક્ષા વ્યવસ્થાના યોગ્ય સત્તાધિકારીના "ના વાંધા પ્રમાણ પત્ર" ( NOC) તેમજ તે સંબધિત ભૌતિક પુરાવા રજુ કરેથી તેમજ વસાવેલ ફાયર સેફ્ટીના સાધનોથી પુર્ણરૂપે તાલીમબધ્ધ હોવાના પુરાવા રજુ કર્યા પછી તેઓને કાર્યરત થવા માટે વિચારણા કરવામાં આવશે.

ઉપરોક્ત હુકમમાંથી સરકારી તેમજ માન્યતા પ્રાપ્ત શૈક્ષણીક સંસ્થાઓને બાકાત રાખવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ઉલ્લંઘન કરનાર ઇપીકો કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનીયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી તથા નાયબ પોલીસ કમિશનરશ્રી તથા પોલીસ કમિશનરશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાંડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ.૨૪/૦૫/૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(એ.કે સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.

(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.

(૮) કલેક્ટરશ્રી. અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.

(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અ'વાદ.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,અ.વાદ શહેર.

(૧૭) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૧૮) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૧૯) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી રાત કરવા સારૂ.)

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૩) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી., અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અ'વાદ શહેર.

(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.